**D**

1 'ન્યૂન'ની સંધિ છોડો.

(A) નિ + ઊન (B) ની + ઊન

(C) નિ + ઉન (D) ને + ઉન

2 'સ્વચ્છંદ'ની સંધિ છોડો.

(A) સુ + ચ્છંદ (B) સ્વ + ચ્છંદ

(C) સ્વ + છંદ (D) સૂ + ચ્છંદ

3 ''નાકલીટી તાણવી'' - રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?

(A) હેરાન થવું (B) નાસીપાસ થવું

(C) બેઆબરૂ થવું (D) દીન ભાવે શરણે થવું

4 ''પગ ધોઈને પીવા'' - રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ?

(A) મદદ માંગવી (B) ઉપકાર સ્વીકાર કરવો

(C) સખત મહેનત કરવી (D) વારંવાર જવું

5 ''સૂંઠને ગાંગડે ગાંધી ન થવાય'' કહેવતનો અર્થ શું થાય ?

(A) ઓછી મહેનતે વધુ ફળ પ્રાપ્ત કરવું.

(B) નસીબથી સફળ થવું.

(C) પૂરતા પ્રયત્ન હોય તો સફળ થવાય.

(D) કામના પરિણામથી કામની કિંમત થવી.

6 સમુદ્રજળમાં પ્રકાશનાં કિરણો કેટલે ઊંડે સુધી પ્રવેશી શકે છે ?

(A) 180 મીટર (B) 230 મીટર

(C) 250 મીટર (D) 245 મીટર

7 સૂર્યનાં સીધા કિરણો વિષુવવૃત્તની બન્ને બાજુએ એટલે કે કર્કવૃત્ત અને મકરવૃત્ત વચ્ચે જ શા માટે પડે છે ?

(A) પૃથ્વી 66.5° ના ખૂણે નમેલી છે.

(B) પૃથ્વી 23.5° ના ખૂણે નમેલી છે.

(C) પૃથ્વી 90.5° ના ખૂણે નમેલી છે.

(D) પૃથ્વી 45.5° ના ખૂણે નમેલી છે

PariksaPath · pariksapath.in

8 ખરીફ પાક કોને કહે છે ?

(A) ચોમાસામાં લેવાતા પાકને (B) શિયાળામાં લેવાતા પાકને

(C) બારમાસી પાકને (D) ઉનાળામાં લેવાતા પાકને

9 સૌથી ઊંચી જાતનો કોલસો કયા પ્રકારનો હોય છે ?

(A) પીટ કોલસો (B) લિગ્નાઈટ

(C) એન્થ્રેસાઈટ કોલસો (D) બીટ્યુમીનસ કોલસો

10 નીચેમાંથી કયા સિદ્ધાંતનો સમાવેશ સંવિધાનમાં ''રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંત''માં થતો નથી ?

(A) સમાન નાગરિક ધારો (B) સત્તાનું વિકેન્દ્રીકરણ

(C) મફત કાયદાકીય સહાય (D) અસ્પૃશ્યતા નિવારણ

11 લોકઅદાલતની કામગીરી શું છે ?

(A) સમાધાનની પ્રક્રિયામાં બન્ને પક્ષોનાં હિત અને માન જાળવે છે.

(B) સામાન્ય રીતે રજાના દિવસે કાર્ય કરે છે.

(C) ઝડપી અને સસ્તો ન્યાય આપે છે.

(D) ઉપરનાં તમામ કાર્યો લોકઅદાલત કરે છે.

12 સંઘ રાજ્યમાં સંવિધાનમાં 'શેષ સત્તાઓ'ની જોગવાઈ છે - જેમાં કાયદા ઘડવાની સત્તા કોની છે ?

(A) ભારતની સંસદ (B) રાષ્ટ્રપતિ

(C) રાજ્યની વિધાનસભા (D) રાજ્યપાલ

13 નીચેનામાંથી RBIના ગવર્નર તરીકે કોણે સેવાઓ આપેલી નથી ?

(A) જગદીશ ભગવતી (B) રઘુરામ રાજન

(C) ડી. સુબ્બારાવ (D) વાય. વી. રેડ્ડી

14 2013માં અર્થશાસ્ત્રનું નોબલ ઇનામ ત્રણ અર્થશાસ્ત્રીઓને સંયુક્ત રીતે મળેલ છે. આ અર્થશાસ્ત્રીઓનું પ્રદાન શું હતું ?

(A) શેરબજારમાં ઉતાર-ચઢાવ સમજવાની ફોર્મ્યુલા

(B) ગરીબી દૂર કરવાના ઉપાયો સૂચવેલ છે.

(C) બેરોજગારી દૂર કરવાની પ્રક્રિયામાં પરિવર્તનો સૂચવેલ છે.

PariksaPath · pariksapath.in

15 ______ કાચા સરવૈયાને અસર કરતી ભૂલ છે.

(A) ખતવણી અંગેની ભૂલ (B) વિસરચૂક ભૂલ

(C) સિદ્ધાંતની ભૂલ (D) ભરપાઈચૂક ભૂલ

16 નીચેમાંથી કઈ મિલકત પર ઘસારો ગણાતો નથી ?

✓(A) જમીન (B) મકાન

(C) પ્લાન્ટ (D) યંત્રો

17 2.8 મીટર ત્રિજ્યાવાળા વર્તુળનો પરિઘ શોધો.

(A) 16.7 મીટર (B) 17.6 મીટર

(C) 17.1 મીટર (D) 16.1 મીટર

18 'X' વ્યક્તિ રૂ. 8,000 - 6.5% ના દરે 1 વર્ષ અને 9 માસ માટે બેંકમાં મૂકે છે, તો તેને પાકતી મુદતે કેટલી રકમ મળશે ?

(A) 910 રૂપિયા (B) 8,910 રૂપિયા

(C) 8,190 રૂપિયા (D) 190 રૂપિયા

19 પાણીની એક ટાંકીની લંબાઈ 6 મીટર, પહોળાઈ 3 મીટર અને ઊંચાઈ 4 મીટર છે, તો આ ટાંકીમાં કેટલા લિટર પાણી સમાશે ?

(A) 72 લિટર (B) 72000 લિટર

(C) 720 લિટર (D) 7200 લિટર

20 એક નળાકાર પાયાની ત્રિજ્યા 14 સેમી અને ઊંચાઈ 10 સેમી છે, તો નળાકારની વક્રસપાટીનું ક્ષેત્રફળ શોધો.

(A) 800 ચો.મી. (B) 890 ચો.મી.

(C) 880 ચો.મી. (D) 805 ચો.મી.

21 નીચેની સંખ્યાઓને ચઢતા ક્રમમાં ગોઠવતા કયો વિકલ્પ સાચો છે ?

(–5), (–8), 3, 0, (–2)

**વિકલ્પ :**

(A) 0, (–2), 3, (–5), (–8) (B) (–8), (–5), (–2), 3, 0

(C) 3, 0, (–8), (–5), (–2) (D) (–8), (–5), (–2), 0, 3

PariksaPath · pariksapath.in

22 રૂ. 1,200નું 5 ટકાના દરે 2 વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થાય ?

(A) 123 (B) 160

(C) 120 (D) 163

23 એક ક્વિન્ટલ ઘઉંનો ભાવ રૂ. 800 હોય તો પાંચ મણ ઘઉંનો ભાવ શું થાય ?

(A) 1600 રૂપિયા (B) 800 રૂપિયા

(C) 80 રૂપિયા (D) 400 રૂપિયા

24 એક નોટીકલ માઇલ = ________ કિમી.

(A) 1.609 (B) 1.150

(C) 1.852 (D) 1.500

25 નીચેની આકૃતિમાં ત્રિકોણની સંખ્યા કેટલી છે ?



(A) 5 (B) 8

(C) 14 (D) 10

26 AB, BA ; ABC, CBA ; ABCD, ___?___ . પ્રશ્નાર્થ કરેલ જગ્યાએ યોગ્ય વિકલ્પ શોધો.

(A) BACD (B) CABD

(C) DBAC (D) DCBA

27 એક વેપારી 20%ના વળતરે રૂ. 600ની કિંમતની એક એવી અમુક સાડીઓ લાવે છે અને દરેક સાડી રૂ. 520માં વેચે છે, તો તેને સાડીદીઠ કેટલા રૂપિયા નફો થશે ?

(A) 80 (B) 20

(C) 40 (D) 60



PariksaPath · pariksapath.in

28 સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(A) હીતકારી (B) હિતકારિ

(C) હિતકારી (D) હીતકારિ

29 સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(A) દુરબીન (B) દૂરબિન

(C) દુરબિન (D) દૂરબીન

30 સાચી જોડણીવાળો શબ્દ શોધો.

(A) દૂલારી (B) દુલારી

(C) દુલારિ (D) દૂલારિ

31 અરે છોકરાઓ, <u>તમે</u> અવાજ ન કરો, લેસન કરો.
નીચે લીટી કરેલ 'તમે' શબ્દ ઓળખાવો.

(A) વિશેષણ છે (B) ક્રિયાપદ છે

(C) સર્વનામ છે (D) ક્રિયાવિશેષણ છે

32 'સમય' શબ્દનું વિશેષણ શું થાય ?

(A) સામયિક (B) સમયોચિત

(C) સમયસર (D) સમયાંતર

33 નીચેના શબ્દોને જોડણીકોષ પ્રમાણે (કક્કાવારી) ગોઠવો.

(i) પોકળતા (ii) પેદાશ

(iii) પૈસાદાર (iv) પોખરાજ

વિકલ્પ :

(A) (ii) (i) (iii) (iv) (B) (ii) (iii) (i) (iv)

(C) (ii) (iv) (iii) (i) (D) (i) (ii) (iii) (iv)

34 નીચેના શબ્દોને જોડણીકોષ મુજબ (કક્કાવારી) ગોઠવો.

(i) માનવ (ii) માનવજાતિ

(iii) માનવતા (iv) માનવતાવાદ

વિકલ્પ :

(A) (iv) (ii) (iii) (i) (B) (iv) (i) (iii) (ii)

(C) (i) (ii) (iii) (iv) (D) [illegible]

PariksaPath · pariksapath.in

35 વર્તમાનપત્ર લોકશાહીનો પ્રાણ છે - અલંકાર ઓળખાવો.

(A) રૂપક (B) ઉપમા

(C) ઉત્પ્રેક્ષા (D) અનન્વય

36 અપ્સરાઓનું મુખ ચંદ્ર જેવું સુંદર છે - અલંકાર ઓળખાવો.

(A) ઉત્પ્રેક્ષા (B) વર્ણાનુપ્રાસ

(C) ઉપમા (D) રૂપક

37 ''કાયા છે માટી સમી ઘડીએ તેમ ઘડાય'' - અલંકાર ઓળખાવો.

(A) અતિશયોક્તિ (B) ઉપમા

(C) અનન્વય (D) શ્લેષ

38 ''જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી ?'' - છંદ ઓળખાવો.

(A) શિખરિણી (B) પૃથ્વી

(C) હરિગીત (D) વસંતતિલકા

39 ''રે પંખીડા સુખથી ચણજે, ગીતડા કાંઈ ગાજો' - છંદ ઓળખાવો.

✓(A) મન્દાક્રાન્તા (B) શિખરિણી

(C) વસંતતિલકા (D) સ્રગ્ધરા

40 નીચેનામાંથી કયું જોડકું બંધબેસતું નથી ?

(A) સાર્થક - નિરર્થક (B) અગ્રજ - અનુજ

(C) પ્રાચીન - પૌરાણિક (D) સ્થૂળ - સૂક્ષ્મ

41 નીચેનામાંથી કયું જોડકું બંધબેસતું નથી ?

(A) લઘુતા - ગુરુતા (B) બેસૂરું - સુરીલું

(C) નિવૃત્ત - પ્રવૃત્ત (D) મોટપ - મોટપન

42 'પ્રત્યેક'ની સંધિ છોડો.

(A) પ્રત્ + એક (B) પ્રતિ + એક

(C) [illegible] (D) [illegible]

PariksaPath · pariksapath.in

43 'CONQUER' શબ્દનું નામનું રૂપ (Noun) શું થાય ?

(A) CONQUEST (B) CONQUERING

(C) CONQUESTING (D) CONQUETION

44 નીચેમાંથી ક્યું જોડકું બંધબેસતું નથી ?

(A) Capability - Incapability (B) Visibility - Invisibility

(C) Errect - Destroy (D) Goodness - Kindness

45 'LATE' નું Superlative degree માં રૂપાંતર કરો :

(A) LATER (B) LATEN

(C) LAST (D) LOST

46 'Autonomy' નો વિરુદ્ધાર્થી શબ્દ શું થાય ?

(A) Subordination (B) Slavery

(C) Submissiveness (D) Dependence

47 'Barbarian' નો સમાનાર્થી શબ્દ શોધો.

(A) Arrogant (B) Uncivilised

(C) Impolite (D) Unkind

48 "Please do not go away", she said - આ વાક્યનું indirect speechમાં રૂપાંતર કરો :

(A) She said to please her and not go away

(B) She told me not to go away

(C) She begged me not to go away

(D) She begged that I not go away

49 He deserves my thanks for ________ my purse and returned it to me without taking any thing from it.

(A) having found (B) found

(C) founded (D) find

PariksaPath · pariksapath.in

50 It ________ heavily, so I will take an umbrella with me.

(A) was raining (B) is raining

(C) has rained (D) rained

51 Tell me ________ you have put my hat.

(A) which (B) what

(C) where (D) whom

52 He ________ his fingers by interfering in his neighbours affairs.

(A) burnt (B) cut

(C) pressed (D) hurt

53 સાચો સ્પેલિંગ શોધો :

(A) EXAGERATE (B) EXADGERATE

(C) EXEGGERATE (D) EXAGGERATE

54 The work was done ________ haste.

(A) in (B) with

(C) on (D) by

55 Do not cry ________ split milk.

(A) on (B) over

(C) about (D) for

56 પાઘડી ધંધાની પ્રતિષ્ઠાનું મૂલ્ય દર્શાવતી ________ મિલકત છે.

(A) કાયમી (B) ચાલુ

(C) અવાસ્તવિક (D) અદૃશ્ય

57 મજૂરી અને પગાર વાર્ષિક હિસાબમાં કઈ બાજુ દર્શાવાય છે ?

(A) નફા નુકસાન ખાતામાં (B) વેપાર ખાતામાં

(C) પાકા સરવૈયામાં (D) નફા નુકસાન ફાળવણી ખાતામાં

PariksaPath · pariksapath.in

58 ઝવેરચંદ મેઘાણીનો જન્મ ક્યાં થયો હતો ?

(A) બગસરા (B) ચોટીલા

(C) ભાવનગર (D) રાજકોટ

59 નીચે પૈકી કયું વાક્ય કનૈયાલાલ મા. મુનશીના સંદર્ભમાં બંધબેસતું નથી ?

(A) તેમનું ઉપનામ 'ઘનશ્યામ' હતું.

(B) બંધારણ સભાના સભ્ય હતા.

(C) શ્રેષ્ઠ નવલકથાકાર હતા.

(D) 'તુલસીક્યારો' તેમની નવલકથા હતી.

60 નીચે પૈકી કઈ કૃતિ કાકાસાહેબ કાલેલકરે લખેલી નથી ?

(A) જીવનનો આનંદ (B) ઉગમણો દેશ જાપાન

(C) પૃથ્વીવલ્લભ (D) હિમાલયનો પ્રવાસ

61 'સુંદરમ્' ઉપનામથી કયા કવિ જાણીતા હતા ?

(A) ત્રિભોવનદાસ લુહાર (B) પન્નાલાલ પટેલ

(C) રાજેન્દ્ર શાહ (D) નિરંજન ભગત

62 ગુજરાત સરકારે સાહિત્યને પ્રોત્સાહન આપવા માટે કઈ સંસ્થા બનાવેલ છે ?

(A) ગુજરાત સાહિત્ય પરિષદ (B) ગુજરાત સાહિત્ય અકાદમી

(C) ગુજરાત સાહિત્ય સભા (D) નર્મદ સાહિત્ય સભા

63 નીચેમાંથી લેખક અને તેની કૃતિના સંદર્ભમાં કયું જોડકું બંધબેસતું નથી ?

(A) ઝવેરચંદ મેઘાણી - રઢિયાળી રાત

(B) ર. વ. દેસાઈ - વેવિશાળ

(C) રા. વિ. પાઠક - દ્વિરેફની વાતો

(D) ચંદ્રવદન મહેતા - બાંધ ગઠરીયા

64 નીચેનામાંથી કોણ હાસ્યલેખક નથી ?

(A) તારક મહેતા (B) જ્યોતીન્દ્ર દવે

PariksaPath · pariksapath.in

65 દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થતી ''ઈંટ અને ઇમારત'' કૉલમના લેખક કોણ છે ?

(A) જય વસાવડા (B) ગુણવંત શાહ

(C) કુમારપાળ દેસાઈ (D) વિનોદ ભટ્ટ

66 તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ દૈનિક 'નવગુજરાત સમય'ના તંત્રી કોણ છે ?

(A) પ્રકાશ શાહ (B) ભુપત વડોદરિયા

(C) ગુણવંત શાહ (D) અજય ઉમટ

67 'સંઘર્ષમાં ગુજરાત' એ પુસ્તકના લેખક કોણ છે ?

(A) નરેન્દ્ર મોદી (B) અશોક ભટ્ટ

(C) બચુભાઈ રાવત (D) વિષ્ણુ પંડ્યા

68 નીચેમાંથી કયો દ્વિગુ સમાસ છે ?

(A) દવાદારૂ (B) ચોમાસુ

(C) લવકુશ (D) વિમુખ

69 નીચે પૈકી કયો સમાસ મધ્યમપદલોપી છે ?

(A) જન્માંધ (B) કર્તવ્યપરાયણ

(C) વરાળયંત્ર (D) યુધિષ્ઠિર

70 'ઇચ્છા'નો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) કિસ્તી (B) સ્પૃહા

(C) કિંકર (D) નિયતિ

71 'વામા'નો સમાનાર્થી શબ્દ શોધો.

(A) મેદિની (B) કાંચન

(C) ધરિત્રી (D) ભામિની

72 'દ્વિરેફ'નો સમાનાર્થી શબ્દ શોધો.

(A) અલિ (B) ભૂપતિ

(C) સુતા (D) અશ્વ

PariksaPath · pariksapath.in

73 કરન્ટ એકાઉન્ટ ડેફીસીસ (CAD) એટલે શું ?

(A) આયાત કરતાં નિકાસ વધુ થવી.

(B) નિકાસ કરતાં આયાત વધુ થવી.

(C) આવકવેરામાં ઘટાડો થવો.

(D) નાણાકીય સંસ્થાનાં રોકાણમાં ઘટાડો થવો.

74 બંધારણ સભાની સમિતિને તેના અધ્યક્ષ સાથે જોડતો સાચો ક્રમ શોધો :

| | | | |
|---|---|---|---|
| (1) | સંઘ સરકાર સમિતિ | (i) | ડૉ. બાબાસાહેબ આંબેડકર |
| (2) | મૂળભૂત અધિકાર સમિતિ | (ii) | આચાર્ય ક્રિપલાણી |
| (3) | મુસદ્દા સમિતિ | (iii) | ડૉ. મૌલાના આઝાદ |
| (4) | ઝંડા સમિતિ | (iv) | જવાહરલાલ નહેરુ |
| | | (v) | સરદાર પટેલ |

**વિકલ્પ :**

(A) (1)-(ii), (2)-(iii), (3)-(v), (4)-(iv)

(B) (1)-(iv), (2)-(v), (3)-(i), (4)-(ii)

(C) (1)-(v), (2)-(iv), (3)-(ii), (4)-(iii)

(D) (1)-(iii), (2)-(iv), (3)-(ii), (4)-(i)

75 CAG (કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલ)ની નિમણૂકના સંદર્ભમાં કયું વિધાન બંધબેસતું નથી ?

(A) કલમ 148 નીચે નિમણૂક થાય છે.

(B) સરકારનાં નાણાકીય હિસાબોની ચકાસણી કરે છે.

(C) તેમનું પદ હાઈકોર્ટ જજ સમકક્ષ હોય છે.

(D) કાર્યકાળ 5 વર્ષ અથવા 65 વર્ષની વય હોય છે.

76 સરકાર સામેનો અવિશ્વાસનો ઠરાવ ક્યાં રજૂ થાય છે ?

(A) રાજ્યસભામાં (B) લોકસભામાં

(C) રાજ્યસભા અને લોકસભામાં (D) રાષ્ટ્રપતિને રૂબરૂ આવેદનપત્ર આપીને

77 નીચેમાંથી કયા રાજ્યમાં વિધાન પરિષદ નથી ?

(A) મહારાષ્ટ્ર (B) કર્ણાટક

(C) રાજસ્થાન (D) ઉત્તર પ્રદેશ

PariksaPath · pariksapath.in

78 વિદ્યુતપ્રવાહની ચુંબકીય અસરની સૌપ્રથમ શોધ કોણે કરી ?

(A) ફેરાડેએ (B) ઓસ્ટેડે

(C) વોલ્ટાએ (D) એમ્પિયરે

79 વહેલો સૂર્યોદય અને મોડો સૂર્યાસ્ત નીચેમાંથી કઈ ઘટના વડે સમજાવી શકાય ?

(A) પ્રકાશનું વિભાજન (B) પ્રકાશનું પ્રકિર્ણન

(C) ટીંડલ અસર (D) વાતાવરણીય વક્રીભવન

80 દાંતની સફાઈ માટે ઉપયોગમાં લેવાતો દંતમંજન પાઉડર કેવો સ્વભાવ (ગુણધર્મ) ધરાવતો હોય છે ?

(A) બેઝિક (B) એસિડીક

(C) તટસ્થ (D) ઉભય ગુણધર્મ

81 પાકિસ્તાનને ગુજરાત રાજ્યનો સ્પર્શતો સરહદી વિસ્તાર કેટલા કિમી લાંબો છે ?

(A) 550 (B) 512

(C) 620 (D) 650

82 દરિયાઈ જીવસૃષ્ટિ માટેનું અભયારણ્ય કયા જિલ્લામાં આવેલું છે ?

(A) જૂનાગઢ (B) જામનગર

(C) અમરેલી (D) ભાવનગર

83 અકીકના ઉત્પાદનમાં ગુજરાત રાજ્ય મોખરે છે. આ અકીકનો ઉપયોગ શું છે ?

(A) શૃંગારની ચીજવસ્તુઓ બને છે.

(B) દવા ઉદ્યોગમાં વપરાય છે.

(C) ખાતરમાં ઉપયોગ થાય છે.

(D) પાણી શુદ્ધ કરવામાં વપરાય છે.

84 ગુજરાત સરકારે કૃષિ મહોત્સવની શરૂઆત કયા વર્ષથી કરેલી છે ?

(A) 2004 (B) 2005

(C) 2006 (D) 2007

85 સચિન તેંદુલકરે તેની આખરી રણજી મેચ કોની સામે રમી હતી ?

(A) હરિયાણા (B) પંજાબ

PariksaPath · pariksapath.in

86 જાસૂસી સામે જંગ છેડનાર અમેરિકી નાગરિક એડવર્ડ સ્નોડેનને કયા દેશે આશ્રય આપ્યો છે ?

(A) ચીન (B) ઇક્વાડોર

(C) રશિયા (D) ફ્રાન્સ

87 ગુજરાત સરકારની 'WASMO' સંસ્થા કયા પ્રકારની કામગીરી કરે છે ?

(A) પેયજળ અને સ્વચ્છતાની સગવડો ઊભી કરવી.

(B) ખેડૂતોને માર્ગદર્શન આપવું.

(C) આરોગ્યવિષયક કાર્યક્રમો તૈયાર કરવા.

(D) શિક્ષણ ક્ષેત્રમાં માળખાકીય સવલતો ઊભી કરવી.

88 બોરસદ તાલુકાનું 'સીસ્વા' ગામ કયા કારણે પ્રસિદ્ધિ પામ્યું છે ?

(A) સરપંચ સહિત પંચાયત મંડળના તમામ સભ્યો યુવા મહિલાઓ હોય તેવી પ્રથમ ગ્રામપંચાયત બની.

(B) ગુજરાતનું પ્રથમ ગોકુળગ્રામ છે.

(C) 100% સાક્ષરતા ધરાવતું ગામ છે.

(D) દૂધ ઉત્પાદનમાં મોખરાનું સ્થાન ધરાવતું ગામ છે.

89 2013નાં વર્ષનું ઇન્દિરા ગાંધી પીસ પ્રાઈઝ કોને આપવામાં આવ્યું ?

(A) નેલ્સન મંડેલા (B) સામ પિત્રોડા

(C) દલાઈ લામા (D) એન્જેલા માર્કોસ

90 ભારત સૌથી વધુ ક્રૂડની આયાત નીચે દર્શાવેલ દેશ પૈકી કયા દેશમાંથી કરે છે ?

(A) ઈરાન (B) ઈરાક

(C) સાઉદી અરેબિયા (D) નાઈજીરિયા

91 'AWAKE' નું ભૂતકાળનું રૂપ શું થાય ?

(A) AWAKED (B) AWAKEN

(C) AWOKE (D) AWOKING

92 'RENEW' શબ્દનું વિશેષણ રૂપ (Adjective) આપો :

(A) RENEWAL (B) RENEWABLE

PariksaPath · pariksapath.in

93 જુહૂ રેસિંગ ટ્રેક ખાતે કઈ સ્પર્ધા યોજવામાં આવે છે ?

(A) પોલો (B) બેઝબોલ

(C) કાર રેસિંગ (D) હોર્સ રાઈડિંગ

94 કબડ્ડીની સ્પર્ધામાં એક ટુકડીમાં કેટલા ખેલાડીઓ હોય છે ?

(A) 6 (B) 7

(C) 9 (D) 11

95 ગુજરાતની ઓળખ એવા એશિયાટીક લાયનને કયા જંગલમાં ખસેડવામાં આવનાર છે ?

(A) ચંદ્રપ્રભાનાં જંગલો (B) કુન્નો પાલપુરનાં જંગલો

(C) શિવપૂરીનાં જંગલો (D) કાન્હાનાં જંગલો

96 ગુજરાત સરકારની કલ્યાણકારી "મુખ્યમંત્રી અમૃતમ્" (મા) યોજના અંતર્ગત ઉત્તમ પ્રકારની સારવાર માટે લાભાર્થીને માન્ય હોસ્પિટલમાં કેટલી રકમની મફત સારવાર આપવામાં આવે છે ?

(A) 1.25 લાખ (B) 1.50 લાખ

(C) 2.00 લાખ (D) 2.25 લાખ

97 નીચેનામાંથી કયું સ્થળ કચ્છ સાથે સંકળાયેલ નથી ?

(A) ધોળાવીરાનું હડપ્પન નગર (B) ભૂમેડી વણાટ કેન્દ્ર

(C) બન્નીનું જીવન (D) બરડો ડુંગર

98 નીચેમાંથી કયા રાજાએ બૌદ્ધ ધર્મને રાજધર્મ તરીકે સ્વીકારેલ ન હતો ?

(A) અશોક સમ્રાટ (B) હર્ષવર્ધન

(C) કનિષ્ક (D) સમુદ્રગુપ્ત

99 નીચેમાંથી થીયોસોફિકલ સોસાયટી સાથે કોણ સંકળાયેલ નથી ?

(A) મેડમ બ્લેવેટસ્કી (B) કર્નલ આલ્કોર્ટ

(C) સર એ. ઓ. હ્યુમ (D) એની બેસન્ટ

100 જુલાઈ - 2013માં ટેલીગ્રાફ સેવા ભારત સરકાર દ્વારા બંધ કરાઈ. - આ સેવાના શોધક કોણ હતા ?

(A) સેમ્યુઅલ મોર્સ (B) ટેમ્પ્લેઇટ ડેસ

(C) ગ્રેહામ બેલ (D) લેસ્ટર એલન

PariksaPath · pariksapath.in